મહેસૂલ વિભાગ હસ્તકના જિલ્લા/તાલુકા કક્ષાએ કાર્યરત વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓની આંતરિક બદલી કરવાની સત્તા કલેક્ટરશ્રીઓને સોંપવા બાબત

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
ઠરાવ ક્રમાંક: **RD/DIT/e-file/15/2026/7030/N**
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૭/૨૦૨૬

<u>પ્રસ્તાવના:-</u>

રાજ્યમાં જિલ્લા કક્ષાએ મહેસૂલી તંત્રની કામગીરીનું દેખરેખ અને નિયંત્રણ સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીઓ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત, જિલ્લાના મહેસૂલી તંત્રની વિવિધ કચેરીઓ અને એકમો વચ્ચે યોગ્ય સંકલન જાળવવાની તેમજ મહેસૂલ વિભાગ અને સરકારશ્રી સાથે અગત્યનું સંકલન કરવાની મહત્વપૂર્ણ કામગીરી પણ કલેક્ટરશ્રી દ્વારા જ કરવામાં આવે છે.

વહીવટી પ્રક્રિયા વધુ સુદ્રઢ, પારદર્શક અને લોકાભિમુખ બને તથા અરજદારોના કામો ઝડપથી નિકાલ પામે તે હેતુથી વહીવટી કર્મચારીગણનું સુવ્યવસ્થિત સંચાલન આવશ્યક છે. આ કામગીરી વધુ અસરકારક રીતે અને સમયમર્યાદામાં કરી શકાય તેમજ કોઈ અનિવાર્ય કે તાકીદના વહીવટી સંજોગો ઉભા થાય ત્યારે જિલ્લા કક્ષાએ કાર્યરત મહેસૂલી કર્મચારીઓની બદલી અંગેની પર્યાપ્ત સત્તાઓ સ્થાનિક કક્ષાએ કલેક્ટરશ્રી પાસે હોવી જરૂરી જણાયેલ છે. આથી, જિલ્લામાં કાર્યરત વર્ગ-૩ કક્ષાના મહેસૂલી કર્મચારીઓની જે તે જિલ્લા પૂરતી આંતરિક બદલી કરવાની સત્તા કલેક્ટરશ્રીને સોંપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આથી પુખ્ત વિચારણાના અંતે, નીચે મુજબ ઠરાવવામાં આવે છે

**-:ઠરાવ:-**

૧. મહેસૂલ વિભાગ હેઠળના નાયબ મામલતદાર, મહેસૂલી કારકૂન અને મહેસૂલી તલાટીઓની જે તે જિલ્લા પૂરતી બદલીઓ કલેક્ટરશ્રી દ્વારા જ કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ મહેસૂલી તંત્રની કામગીરી યોગ્ય રીતે કરી શકાય તે હેતુથી, મહેસૂલ વિભાગના અન્ય ખાતાના વડાઓ (HoDs) ની જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ ના કર્મચારીઓ (જેવા કે સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨, સિનિયર સર્વેયર, સર્વેયર, કારકૂન વગેરે) ની જે તે જિલ્લાની હદ પૂરતી

(Intra-District) આંતરિક બદલીઓ કરવાની સત્તાઓ પણ સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીને, તાકીદના વહીવટી કારણોસર/અનિવાર્ય સંજોગો માટે, આથી સોંપવામાં આવે છે. આમ છતાં, સંબંધિત ખાતાના વડા(HoD) ની બદલીઓ અંગેની મૂળ સત્તાઓ યથાવત રહેશે.

૨. આ બદલીઓ સંબંધિત ખાતાના વડા(HoD) ના મહેકમ પૂરતી જ સીમિત રહેશે. એટલે કે, કલેક્ટરશ્રી દ્વારા એક ખાતાના વડાના મહેકમ હેઠળના કર્મચારીની બદલી અન્ય ખાતાના વડાના મહેકમ હેઠળની જગ્યા પર કરી શકાશે નહીં. (દા.ત. સેટલમેન્ટ કમિશનરશ્રીના તાબા હેઠળના સર્વેયર કે સિનિયર સર્વેયરની બદલી તેમના જ ખાતાની, તે જિલ્લામાં આવેલી અન્ય કચેરી/કચેરીની શાખામાં કરી શકાશે, પરંતુ તેઓની બદલી નોંધણી સર નિરીક્ષકશ્રીની કચેરી, સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પની કચેરી કે કલેક્ટરશ્રીની પોતાની મહેસૂલી કચેરી હસ્તકની જગ્યાઓ પર કરી શકાશે નહીં. આ જ બાબત અન્ય સંવર્ગોને પણ સમાન ધોરણે લાગુ પડશે.)

૩. જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા તેઓ સિવાયના અન્ય ખાતાના વડાઓના તાબા હેઠળના વર્ગ-૩ ના કર્મચારીઓની બદલી કરતી વખતે, સંબંધિત જિલ્લા કક્ષાના અધિકારીશ્રી સાથે જરૂરી સંકલન કરવાનું રહેશે, જેથી તે કચેરીઓની રોજબરોજની કામગીરી ખોરવાય નહીં.

૪. કલેક્ટરશ્રી દ્વારા ઉપરોક્ત વર્ગ-૩ ના કર્મચારીઓની બદલીઓ કરતી વખતે રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ તેમજ મહેસૂલ વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલા બદલી અંગેના પ્રવર્તમાન નિયમો, નીતિઓ અને માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગાર્ગી બી. વહોનિયા)
**સરકારના ઉપ સચિવ**
**મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર**

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(મહેસુલ)ના અંગત સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબા હેઠળની સર્વે કચેરીને જાણ કરવાની વિનંતી સહ)
- મહેસૂલ વિભાગ/ડી,ડી.૧,ડી.૨,ન.૧,ન.૨ શાખાઓ
- સિસ્ટમ મેનેજરશ્રી, મહેસુલ વિભાગ તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.
- શાખા સિલેકટ ફાઈલ - ૨૦૨૬.